પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૦ | ૧૦ નવેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પ્રધાનમંત્રી મોદી ફિલિપાઈન્સની મુલાકાતે જશે

આગામી તા. ૧૨મી નવેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફિલિપાઈન્સની મુલાકાતે જશે. તેઓ અહીં ઈન્ડિયા આઈયાન અને ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેશે.

### કેન્દ્રિય મંત્રી આલ્ફોન્સ રાજ્યસભા માટે બીનહરિફ ચૂંટાયા

કેન્દ્રિય મંત્રી આલ્ફોન્સ કન્નથનમ રાજ્યસભા માટે બીન હરીફ ચૂંટાયા છે.

### ભારતી એરટેલને ટીકોના ડીજીટલ સાથે મર્જ કરાશે

ભારતી એરટેલ બોર્ડ ટીકોના ડીજીટલ સાથે મર્જરની મંજૂરી આપી છે.

### મુંબઈમાં મોનોરેલમાં આગ, બે કોચ બળીને ખાખ

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આજે સવારે મોનોરેલના બે ડબ્બામાં આગ લાગી હતી. આગ લાગવાના કારણે મોનોરેલના ડબ્બા સંપૂર્ણ રીતે નાશ પામ્યા હતા.


### હવે ઈન્શ્યોરન્સ પોલિસી માટે આધાર જરૂરી

ઈન્સ્યોરન્સ નિયામક દ્વારા હવે દરેક ઈન્સ્યોરન્સ પોલિસીને આધાર સાથે લિંક કરવું ફરજિયાત કરી દીધું છે.

# હિમાચલમાં ૭૫ ટકાથી વધુ મતદાન

## હિમાચલમાં કોની સરકાર બનશે તે અંગે ૧૮મી ડિસેમ્બરે ફેંસલો : વીરભદ્ર સહિત કુલ ૩૩૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં







સિમલા,તા. ૯

હિમાચલ પ્રદેશમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે આજે આજે રેકોર્ડ મતદાન થયુ હતુ. આવી સાથે જ તમામ ૩૩૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હિમાચલપ્રદેશમાં આજે મતદાન યોજાયા બાદ હવે ૧૮મી ડિસેમ્બરના દિવસે મતગણતરી થશે. હિમાચલપ્રદેશમાં કોની સરકાર બનશે તે અંગે હવે ૧૮મી ડિસેમ્બરના દિવસે ફેંસલો થશે. ઉંચા મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ પાર્ટી બન્ને જીતના દાવા કરી રહ્યા છે. આજે સવારથી જ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક હતા. મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતા ચૂંટણી પંચ અને તંત્રને રાહત થઈ હતી. હિમાચલ પ્રદેશમાં આજે રેકોર્ડ ૭૫ ટકાથી વધુ મતદાન થયું હતું. વર્ષ ૨૦૧૨માં નોંધાયેલા મતદાન કરતા વધુ મતદાન થયું છે. ૨૦૧૨માં ૭૩.૫૧ ટકા મતદાન થયું હતું. કેટલીક જગ્યાએ ૮૪ ટકા સુધી મતદાન થયું હતું. દૂન, બદ્દી (સોલાન જિલ્લા) ખાતે ૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. જ્યારે જુબ્બલ કોઠાઈ ખાતે ૮૧ ટકા મતદાન થયું હતું. અગાઉ આજે સવારે નવ વાગે મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતી કલાકોમાં કેટલીક જગ્યાએ ધીમી ગતિથી મતદાન થયુ હતુ. જો કે મોડેથી તેમાં જોરદાર તેજી આવી હતી.

● અનુસંધાન પાન-૫ પર

# શશીકલાના ‘જયા ટીવી’ પર આઈટીના દરોડા

## ૧૮૭ સ્થળો પર વ્યાપક દરોડાથી સનસનાટી : તમિળનાડુમાં ૮૦થી વધુ સ્થળોએ દરોડા : ઇન્કમટેક્સની જુદી જુદી ટુકડી દ્વારા શશીકલાના પરિવારના સભ્યો, સમર્થકો અને જયલલિતાના એસ્ટેટ પર દરોડા

ચેન્નાઈ,તા. ૯

તમિળનાડુમાં ઈન્કમ ટેક્સ વિભાગની કેટલીક ટીમોએ આજે એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો. અન્નાદ્રમુકના નેતા શશીકલાના નિયંત્રણવાળા જયા ટીવીની ઓફિસ ઉપરાત, તેમના પરિવારના સભ્યો, સમર્થકો તેમજ પૂર્વ મુખ્યપ્રધાન જે જયલલિતાના કોદાંદ એસ્ટેટ સહિત રાજ્યભરમાં ૮૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એમ કહેવામાં આવ્યુ છે કે આ દરોડા દેશવ્યાપી પાડવામાં આવ્યા છે.જેલમાં રહેલા શશીકલા અને તેમના સાથીઓની સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આઈટીના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે અન્નાદ્રમુકના નેતા ટીટીવી દિનાકરણ , શશીકલાના ભાઈ દિવાકરણના કોટ્ટાઈ આવાસ અને તેમના સમર્થકોના આવાસ તેમજ અન્ય પ્રાંગણો પર દરોડા પાડવામાં આવ્યા

● અનુસંધાન પાન-૫ પર

# રાકેશ અસ્થાનાની નિમણૂંક મામલે ૧૩મીએ સુનાવણી

નવીદિલ્હી, તા. ૯

સુપ્રીમ કોર્ટે આદેશ કરતા કહ્યુ છે કે સીબીઆઈના ખાસ નિર્દેશક તરીકે ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાનાની નિમણૂંકને પડકાર ફેંકી દાખલ કરવામાં આવેલી અરજી પર તે ૧૩મી નવેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરશે. ન્યાયામુર્તિ જે ચેલમેશ્વર અને ન્યાયમુર્તિ એસ અબ્દુલ નજીરની પીઠ સમક્ષ લાવવામાં આવ્યા બાદ આ મામલે સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો.

# મંગળ ગ્રહ પર જવા એક લાખ ભારીતયોએ ટિકિટ બુક કરાવી

## ટુંક સમયમાં જ મંગળની યાત્રાએ રવાના થશે : અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાના ઇન સાઇટ મિશન હેઠળ લાલ ગ્રહ પર જવાની ટિકિટો બુક કરાવી ચુક્યા છે

મુંબઈ,તા. ૯

એક લાખ ભારતીય લોકો મંગળ ગ્રહ પર જવા માટે ટિકિટ બુક કરાવી ચુક્યા છે. આ અંગેની માહિતી પણ જાહેર કરવામાં આવી ચુકી છે. આ લોકોએ અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાના ઈન સાઈટ મિશન હેઠળ લાલ ગ્રહ પર જવા માટે ટિકિટ બુક કરાવી લેતા હવે આ લોકો ટુંક સમયમાં જ યાત્રા પર રવાના થનાર છે. આ મિશન મે ૨૦૧૮માં લોંચ થનાર છે. નાસાએ કહ્યુ છે કે જે લોકોએ પોતાના નામ આપ્યા છે તેમને ઓનલાઈન બોર્ડિંગ પાસ આપવામાં આવનાર છે. જે નામ આપવામાં આવ્યા છે તેમને એક સિલિકોન ચિપ પર ઈલેક્ટોરન બીમની મદદથી લઈ જવામાં આવનાર છે. ચિપ પર લખવામાં આવેલા અક્ષર વાળના પણ હજારમાં હિસ્સાથી પાતળા રહે છે. ત્યારબાદ આ ચીપ મંગળ પર મોકલી દેવામાં આવનાર છે. નાસાના મંગળ મિશન માટે નામ મોકલનાર ભારતીય સૌથી આગળ રહ્યા છે. આ મિશન માટે નાસાને દુનિયાભરના કુલ ૨૪ લાખ ૨૯ હજાર ૮૦૭ અરજી મળી છે. નાસાના કહેવા મુજબ બુધવારના દિવસે દુનિયાભરમાંથી નામ મોકલનાર લોકોનીયાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં ભારત હાલમાં દુનિયાભરમાં ત્રીજા સ્થાન પર છે.



જીએસટી કાઉન્સીલની બેઠક - આસામના ગોવાહાટી ખાતે જીએસટી કાઉન્સલની ખૂબ જ અગત્યની બેઠક ગુરૂવારે બપોર બાદ આરંભાઈ હતી... આવતીકાલે સાંજે બેઠકની પૂર્ણાહુતિ થાય ત્યારે જીએસટીમાં મોટી રાહતોની જાહેરાત થઈ શકે છે.... ૨૦૦થી વધુ વપરાશની ચીજવસ્તુઓના દરમાં તથા સ્લેબમાં ઘટાડો કરવાનું ગંભીરતાથી વિચારાઈ રહ્યું છે... કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીની અધ્યક્ષતામાં આરંભાયેલી બેઠકમાં છેલ્લા બે મહિનામાં વિવિધ પ્રદેશોમાંથી મળેલા પ્રતિભાવોને ચકાસાઈ રહ્યા છે... આવતીકાલે વેપારી આલમ માટે રાહતોની જાહેરાતો કરાશે એમ નિશ્ચિત લાગે છે...

# નોટબંધી બાદ ૯,૦૦૦ કરોડનું કાળુ નાણું પકડાયુ

## ફેમા હેઠળ ઇડી દ્વારા ૩૭૦૦ કેસો નોંધાયા : ૧૦૦૦થી વધુ સેલ કંપનીઓની સામે કાર્યવાહી : કબજે કરવામાં આવેલી રકમનો આંકડો વધીને ૧૪૬૯ કરોડ

નવીદિલ્હી, તા. ૯


એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે નોટબંધી બાદ નવ હજાર કરોડની કિંમતની બ્લેકમની ટાંચમાં લઈ લીધી છે. ઈડી દ્વારા ફેમા હેઠળ ૩૭૦૦ કેસો પણ નોંધી લીધા છે. આ અંગે માહિતી આપતા અધિકારીઓએ કહ્યું છે કે, ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) અને પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૩૭૦૦ કેસો ઈડી દ્વારા નોંધવામાં આવી ચુકયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૧૦૦૦ જેટલી શેલ કંપનીઓ સામે પણ કાર્યવાહી કરી છે. ૮મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની જાહેરાત કરી હતી. નોટબંધી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કાળા નાણાને બહાર લાવવાનો હતો અને આમા સફળતા મળી રહી છે. ફેમા એક સિવિલ કાયદા તરીકે છે. ફોરેન એકસચેંજ કાયદા અનો ધારાધોરણોના ભંગના મામલામાં અથવા તો કોઈપણ પ્રકારના વિવાદના મામલામાં તપાસ કરવા ઈડીને સત્તા મળેલી છે. પીએમએલએ હેઠળ ઈડીને સંપત્તિઓની ફાળ મેળવવા માટે તપાસ કરવાની સત્તા મળેલી છે.

# અનામત સિવાય પણ વ્યકિત જીવનમાં આગળ વધી શકે છે : સામ પિત્રોડા

## પાંચ દિવસ સુધી ગુજરાતમાં પ્રવાસ કરી લોકોની લાગણી, માંગણી જાણ્યા બાદ ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવા હૈયાધારણ

અમદાવાદ,તા.૯

કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડા આજે અમદાવાદની ટૂંકી મુલાકાતે આવ્યા હતા અને અહીંથી વડોદરા ખાતેના તેમના કાર્યક્રમ માટે જવા રવાના થયા હતા. જો કે, અમદાવાદની મુલાકાત દરમ્યાન અનામતના મુદ્દે સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, ભારત એવો દેશ છે કે તમે તમારી ઈચ્છાશકિત અને હિંમત હોય તો કંઈ પણ કરી શકવા સક્ષમ છો. તેના માટે અનામતની જરૂર નથી. અનામત સિવાય પણ જીવનમાં તમે આગળ વધી શકો છો. અનામત હોય તો જ વ્યકિત કંઈ કરી શકે તે જરૂરી નથી. અલબત્ત, અનામતની માંગણી લોકો કરે અને સરકાર તે દિશામાં તેની રીતે નિર્ણય લે તે અલગ બાબત છે પરંતુ અનામત સિવાય પણ આગળ આવી શકાય છે. કોંગ્રેસ પક્ષના ચૂંટણી ઢંઢેરાના મુદ્દે સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, ચૂંટણી ઢંઢેરો એ લોકોની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. ચૂંટણી ઢંઢેરાનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે પરંતુ પ્રજા વચ્ચે જઈ તેની ઈચ્છાઓ, અપેક્ષાઓ અને માંગણીઓને ધ્યાનમાં રાખીને તેમાં સુધારો કરવો વાજબી લેખાશે અને તે મુજબ અમે કાર્યવાહી કરીશું. લોકોને સાંભળ્યા વિના ચૂંટણી ઢંઢેરો જાહેર કરવાનો કોઈ અર્થ નથી. કોંગ્રેસ દ્વારા શિક્ષણ



● અનુસંધાન પાન-૫ પર

# દિલ્હીમાં ૧૩થી૧૭ નવે. સુધી ઓડ-ઈવન સ્કીમ લાગુ

## એઈમ્સનો રિપોર્ટ, પ્રદૂષણને કારણે 30 હજાર લોકોના મોત થઈ શકે : પંજાબમાં પણ રવિવાર સુધી તમામ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ, ૪૧ ટ્રેનો મોડી પડી અને ૧૦ ટ્રેનો થઈ રદ

નવી દિલ્હી, તા.૯

દિલ્હીમાં છવાયેલા પોલ્યૂશનને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી લેવલ પર ૫ દિવસસુધી ૧૩થી ૧૭ નવેમ્બર સુધી ઓડ-ઈવન સ્કીમ લાગુ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલ સરકારે તેનો આદેશ જાહેર કર્યો છે. આ વખતે સીએનજી અને ટૂ-વ્હીલર ગાડીઓને બહાર રાખવામાં આવી છે. ઓક્ટોબરમાં દિલ્હીના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટરે ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટના ઓફિસરને ઓડ-ઈવનની તૈયારી માટે લેટર મોકલવામાં આવશે. ગયા વર્ષે જાન્યુઆરી અને એપ્રિલમાં પણ ૧૫-૧૫ દિવસ માટે ઓડ-ઈવન સ્કીમ લાગુ કરવામાં આવી હતી.

કેજરીવાલ સરકારના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર કૈલાશ ગહલોતે જણાવ્યું છે કે, દિલ્હીમાં ૧૩થી ૧૭ નવેમ્બર સુધી ઓડ-ઈવન સ્કીમ લાગુ કરવામાં આવી છે. ટૂ-વ્હીલર અને સીએનજી સ્ટીકર વાળા વેહિકલ્સને તેમાં છૂટ આપવામાં આવી છે. શુક્રવારે બપોરે ૨ વાગ્યાથી સીએનજીના સ્ટીકર પણ વહેચવામાં આવશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે ડીટીસીવાળી ૫૦૦ બસોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

દિલ્હી-એનસીઆરમાં પોલ્યુશન ગુરુવારે પણ સીવિયર કેટેગરીમાં જોવા મળ્યું હતું. ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે પંજાબી બાગમાં એક ક્વોલિટી ઈન્ડેક્સ ૭૯૯ રેકોર્ડ કરવામાં આવ્યો છે.

# રાહુલે ગુજરાતના વિકાસથી પ્રેરણા લેવી જોઈએ : સ્મૃતિ

## કોંગ્રેસને ગુજરાતની પ્રજા બરોબર ઓળખે છે : અમેઠીમાં પાંચે પાંચ બેઠકો કોંગ્રેસે હાલમાં જ ગુમાવી

અણદાવાદ, તા. ૯

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ



મંત્રી તથા ટેક્સટાઈલ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ આજે રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમેઠીમાં શાળા, હોસ્પિટલ, રસ્તા, પીવાના પાણીની પાયાની સગવડો પુરી ન પાડી શકનાર રાહુલ ગાંધીએ ગુજરાતના વિકાસમાંથી પ્રેરણા લઈને તેમના ક્ષેત્રમાં વિકાસના કાર્યો કરવા જોઈએ. સ્મૃતિએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી તેમના પોતાના અમેઠી મતક્ષેત્રમાં પણ વાંરવાર જોવા મળતા નથી. અમેઠીમાં પાંચ-પાંચ દાયકાથી શાસન કરનાર કોંગ્રેસના નહેરુ ગાંધી પરિવારના તથા છેલ્લા ૧૩ વર્ષથી અમેઠીના સાંસદ રાહુલ ગાંધીએ આજ સુધી અમેઠીમાં મૂળભૂત જરૂરિયાતોને પુરી કરવા માટેના પગલા લીધા નથી. સંતોષજનક કામગીરી રાહુલ કરી શકતા નથી. આ પ્રકારના રાહુલ ગાંધી ગુજરાતમાં આવીને વિકાસની વાત કરે તે હાસ્યાસ્પદ છે. સ્મૃતિએ વેધક કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી ગુજરાતમાં વિકાસ કામોથી બોધપાઠ લેશે. અમેઠી લોકસભા ક્ષેત્રની પાંચ-પાંચ વિધાનસભાની બેઠકો જે કોંગ્રેસ પાર્ટી ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં હારી ચુકી છે તે કોંગ્રેસને ગુજરાતની પ્રજા બરોબર ઓળખે છે.

સ્પે. હનીમૂન ટુર ડિસેમ્બરથી માર્ચ
દિલ્હી-સિમલા-મનાલી-ડેલહાઉસી
અ'વાદથી અ'વાદ નોન A.C./A.C. ટ્રેન / એર ટિકિટ સાથે
3★/4★ હોટલ, ફુડ, ડી.જે. પાર્ટી, કેન્ડલ લાઈટ ડિનર
Dec-9, 15 • Feb-6,9,21,27 • March-3,6,9,15,21, 27
દુબઈ • બેંગકોક • પતાયા • સિંગાપોર • મલેશિયા
માયલિંક હોલીડેઝ 9724999998 9724888882